શહેરમાં હનુમાન જયંતિ ધામધૂમથી ઉજવાશે

સે-૪માં અને સે-૨માં મારૂતિ યજ્ઞનું આયોજન : ઠેર ઠેર સુંદરકાંડના પાઠનું આયોજન : શ્રધ્ધાળુઓ બજરંગબલીની ભકિતના રંગે રંગાશે : ડભોડિયા હનુમાને ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરાશે

ગાંધીનગર, તા.૨૧

આવતી કાલે સમગ્ર શહેર મારૂતિનંદન હનુમાનજીની ભકિતના રંગે રંગાશે. શહેરમાં હનુમાન જયંતિની ઉજવણી ભારે ધામધૂમ અને ભકિતભાવપૂર્વક ઉજવવાના આયોજનો ઠેર ઠેર કરાયા છે. આ સાથે ગાંધીનગર તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડભોડિયા હનુમાનજીના મંદિરે દાદાને ૧૧૧૧ તેલના ડબ્બાનો અભિષેક કરાશે તથા ૧૫૧ કિલોની કેક કાપી દાદાનો હેપ્પી બર્થ ડે ઉજવાશે. આ પ્રસંગે શહેરમાં અનેક ઠેકાણે મારૂતિ યજ્ઞ અને સુંદરકાંડના પાઠના આયોજન પણ કરવામાં આવ્યા છે શ્રધ્ધાળુઓ શહેરના રામજી મંદિર અને હનુમાન મંદિરે દર્શનાર્થે ઉમટી પડશે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ડભોડા ખાતે ડભોડયિા દાદાને ૧૧૧૧ તેલના ડબાના અભિષેક સાથે મારૂતિ યજ્ઞનું આયોજન કરાયું છે. આ પ્રસંગે હજારોની સંખ્યામાં ભાવિક ભકતો દાદાના દર્શનાર્થે ઉમટી પડશે. અહીં સવારે ૯.૩૦ કલાકે દાદની જાજરમાન શોભાયાત્રા નિકળશે તથા ૧૨ વાગે મહાઆરતી કરાશે. મહાઆરતી બાદ ૧૫૧ કિલોની મહા કેક કાપી દાદાનો હેપ્પી બર્થ ડે ઉજવાશે. ગાંધીનગરના સે-૨૯મા જલારામ મંદિરે પણ હનુમાન જયંતિની ઉજવણી કરાશે અને સાંજે ૭.૩૦ કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે. સે-૧૭ના સુપ્રસિધ્ધ હનુમાનજી મંદિરે સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાશે. આ ઉપરાંત સે-૧૭માં જુના એમએલએ કવાટર્સના રોકડિયા હનુમાનજી મંદિરે રામાનંદીય પરિવાર તરફથી સાંજે ૬ કલાકે હનુમાન જયંતિની ઉજવણીનું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

હનુમાન જયંતિએ શહેરમાં અનેક જગ્યાએ યજ્ઞ અને સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં

આવ્યું છે. સે-૪માં હનુમાનજી મંદિરે સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહ પછી યજ્ઞ પ્રારંભ કરાશે. સાંજે ૭ કલાકે મહાઆરતી યોજાશે. ત્યારબાદ સુખડી, કેક અને ચોકલેટનો પ્રસાદ ભકતોને અપાશે.

સે-૨-એમાં બાલા હનુમાન મંદિરે પણ સવારે ૯ કલાકે મારૂતિ યજ્ઞનો પ્રારંભ કરાશે. જેમાં સાંજે ૪ કલાકે શ્રીફળ હોમ્યા બાદ મહાપ્રસાદ યોજાશે. અહીં સાંજે ૬ કલાકે કાન્તિભાઈ યોગીના સ્વરે સંગીતમય સુંદરકાંડ તથા ૮ કલાકે આરતી કરાશે. સે-૨૧માં વિશ્વકર્મા શોપીંગ સેન્ટર પાસેના હનુમાનજી મંદિરે સાંજે ૬ કલાકે કાન્તિભાઈ યોગીના સ્વરે સુંદરકાંડ પાઠ યોજાશે. યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામી દ્વારા સે-૨૫માં કેમ્બે હોટલના ગોલ્ફ મેદાનમાં સવારે ૯ કલાકે, સાંજે ૫ કલાકે કુડાસણના સ્વાગત રેઈન ફોરેસ્ટમાં તથા રાત્રે ૮ કલાકે સે-૨૭ની આનંદનગર સોસાયટીમાં નવરાત્રિ ચોક ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે. આ ઉપરાંત વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટમાં રાત્રે ૯ કલાકે સુંદરકાંડના પાઠ યોજાશે. શહેરની અનેક સોસાયટીઓ તથા ચોકઠામાં સુંદરકાંડના પાઠનું આયોજન કરાયું છે.

@ગાંધીનગર

● સે-૨ બાલા હનુમાનજી મંદિર ખાતે સવારે ૯.૦૦ કલાકે સંગીતમય મહા મારૂતિ યજ્ઞ, સાંજે ૬ થી ૮ કલાક દરમિયાન કાંતિભાઈ યોગીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે. આ ઉપરાંત રાત્રે ૮.૦૦ કલાકે મહાઆરતી યોજાશે.

● સે-૨૧ સંકલ્પ સિધ્ધ હનુમાન મંદિર ખાતે સવારે ૭.૩૦ કલાકે પૂજા પ્રારંભ કરવામાં આવશે. આ ઉપરાંત સવારના ૯.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન સુંદરકાંડના પાઠ યોજાશે.

● નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ધરતી દિન ઉજવણી નિમિત્તે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ, સે-૨૩ ખાતે ચિત્ર સ્પર્ધા યોજાશે.

● સે-૩-એ શ્રી વગડાવાળી ચહેર માતાજીના મંદિર ખાતે સાંજે ૪.૦૫ કલાકે કોટિયાગ પૂર્ણાહુતિનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સાંજે ૪.૩૨ કલાકે આરતી પણ યોજાશે.

● શ્રી જલારામ સેવા સમાજ દ્વારા હનુમાન જયંતિ નિમિત્તે રાત્રે ૭.૩૦ કલાકે સુંદરકાંડના પાઠ શ્રી જલારામધામ, સે-૨૯ ખાતે યોજાશે.

● સે-૫ હનુમાનજી મંદિર ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજારોહણ સવારે ૯.૦૦ કલાકે યજ્ઞ અને સાંજે ૪.૦૦ કલાકે પૂર્ણાહૂતિનો કાર્યક્રમ તથા રાત્રે ૭.૦૦ કલાકે મહાઆરતી યોજાશે.

● વાવોલ શાલીન-૪ એપાર્ટમેન્ટના ગાર્ડનમાં રાત્રે ૯.૦૦ કલાકે હનુમાન જયંતિ નિમિત્તે સુંદરકાંડના પાઠ યોજાશે.

● ડભોડા સ્થિત ડભોડિયા હનુમાનજી મંદિર ખાતે સવારે ૫.૦૦ કલાકે મારૂતિ યજ્ઞ, ૮.૩૦ કલાકે ૧૧૧૧ તેલના ડબ્બાથી અભિષેક, ૯.૩૦ કલાકે શોભાયાત્રા પ્રારંભ કરાશે. ત્યારબાદ બપોરે ૧૨.૦૦ કલાકે મહાઆરતી તથા ૧૨.૩૦ કલાકે ૧૫૧ કીલોની કેક કાપવામાં આવશે.

● પેથાપુર અંબા મંડળ દ્વારા રામભાઈ ભલાભાઈ પ્રજાપતિને ત્યાં પેથાપુર ચાર રસ્તા, પેટ્રોલ પંપની પાછળ બપોરે અઢી વાગે આનંદનો ગરબો યોજાશે.

● સે-૨૨ પંચદેવ મંદિર ખાતેથી સવારે ૭.૩૦ કલાકે વોર્ડ નં. ૩ની ભાજપ રેલી નીકળશે.

વાતવાતમાં

● શહેરના આડામાર્ગો પર એલઈડી લાઈટસ લગાડી અજવાળુ પાથરવામાં આવ્યું છે. જો કે બિહામણા વીજપોલ પર લાગેલા સ્ટીકર્સ અને પોસ્ટર્સના કારણે તેના પર એલઈડીનું અજવાળુ પડતુ વધુ વરવા દેખાય છે તેથી ઘણા નગરજનો પૂછે છે કે શું આ પ્રકાશ આના માટે તો નથી ને?

● ઘ-૪ સર્કલ પરથી સાંજના સમયે જયારે સહેલાણીઓની સંખ્યા વધુ હતી ત્યારે એક વીવીઆઈપી પસાર થવાના હોઈ પોલીસે ટ્રાફિક ગોઠવવા ભારે મથામણ કરવી પડી હતી. પબ્લિકને હટાવતા ઘણાએ પુછી જોયું કે કોણ આવે છે ત્યારે પોલીસ દાદાએ પણ અમને ખબર નથી આતો ઉપરથી ઓર્ડર છે એટલે કરવું પડે છે તેવી લાચારી દર્શાવી હતી.

● શહેરમાં ચાલી રહેલ મહાનગરપાલિકાની ચુંટણીઓના છેલ્લી ઘડીના પ્રચારમાં ભારે ઝડપ આવી છે વિવિધ રાજકીય પક્ષો દ્વારા બાઈક રેલી, ચોકઠા સભા ઉપરાંત પોતાની વાત કહેવા પ્રેસ કોન્ફરન્સના પણ તાકીદે આયોજન કરાયા હતા.

● આરોગ્ય વિભાગ દ્વારા મતદાનના દિવસે શહેરના તમામ મતમથકો પર આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક સારવારની મેડીકલ કીટ તૈયાર રખાશે.

● છેલ્લી ઓવરોમાં શકય હોય તેટલા વધુ મત અંકે કરવા રાજકીય પક્ષો દ્વારા ખેરખાઓને મેદાનમાં લવાઈ રહ્યા છે. ભાજપ દ્વારા મંત્રી શંકરસિંહ ચૌધરી તો કોંગ્રેસ દ્વારા શકિતસિંહ ગોહિલને પણ અજમાવાઈ રહ્યાં છે.

ફિઝિયોથેરેપી કોલેજ દ્વારા રાંધેજા ખાતે નિદાન-સારવાર કેમ્પ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપીના ફેકલ્ટીઝ અને વિદ્યાર્થીઓ દ્વારા રાંધેજા મુકામે તાજેતરમાં નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો આશરે ૧૦૦થી વધુ ગ્રામજનોએ લાભ ઉઠાવ્યો હતો.

ફિઝિયોથેરેપી કોલેજના પ્રાધ્યાપિકાઓ ડૉ. આશા પટેલ અને ડૉ. મિનિતા ચૌહાણના માર્ગદર્શન હેઠળ આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ તા. ૧૯મી એપ્રિલે રાંધેજાની સરકારી પ્રાથમિક શાળામાં યોજવામાં આવ્યો હતો. બંને પ્રાધ્યાપિકાઓ સાથે ફિઝિયોથેરેપીનો અભ્યાસ કરતા ૭ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કેમ્પમાં આશરે ૧૦૦થી વધુ ગ્રામજનોની ફિઝિકલ ફીટનેસનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ ચેકઅપ દરમિયાન દર્દીને જરૂર જણાય ત્યાં જરૂરી સારવાર પણ આપવામાં આવી હતી અને યોગ્ય સલાહ સૂચન પણ કરવામાં આવ્યા હતા. ગ્રામજનોનો ઉત્સાહજનક પ્રતિસાદ જોઈ પ્રાધ્યાપિકાઓ તથા વિદ્યાર્થીઓ પણ ઉત્સાહમાં આવી ગયા હતા. ગ્રામજનોએ તેમનો ઉમળકાભેર આભાર માન્યો હતો અને જરૂરી સવલતો પુરી પાડી હતી.

આજે “ શ્રી મહાચંડી કોટિયાગ”ની પૂર્ણાહુતિ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ સ્થિત ચેહર માતાના મંદિર (વગડાવાળી માતા) ના મંદિરે શહેરમાં સૌ પ્રથમવાર ઐતિહાસિક એવા વિશ્વ કલ્યાણાર્થે પાઠાત્મક નવાર્ણમંત્ર શ્રી મહાચંડી કોટિયાગનું ભવ્ય આયોજન કરાયું છે. તા.૨૨ એપ્રિલને શુક્રવારના રોજ ચૈત્રી પૂર્ણીમાના દિવસે મહાચંડી કોટિયાગની પૂર્ણાહુતિ સાંજે ૪ કલાકે યોજાશે. આ ભવ્ય પૂર્ણાહુતિ પ્રસંગે શહેરના સૌ ભાવિભકતોને હાજર રહી દર્શનનો લાભ લેવા મંદિર પરિવાર તરફથી જણાવાયું છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ગુજરાતભરમાંથી અનેક સાધુસંત ઉપસ્થિત રહીને ભકતોને આર્શિવચન પાઠવ્યા છે. શ્રી મહાચંડી કોટીયાગના નવદિવસીય ધાર્મિક કાર્યક્રમને પગલે શહેરમાં ધાર્મિક વાતાવરણ સર્જાયું છે.

શ્રી મહાચંડી કોટિયાગ (હોમાત્મક કોટિ નવાર્ણમંત્ર મહાયાગ) પ્રસંગે આચાર્ય પ્રો હરનારાયણભાઈ પંડયા (ગુજરાત તથા ભારત સરકાર દ્વારા સન્માનિત) તેમજ પૂ. શંકરાચાર્ય સ્વામિ સ્વરૂપાનંદજી સરસ્વતિ મહારાજ દ્વારકાપીઠ તેમજ મહાયાગના

(તસવીર : દિપક જાની)

ઉપાચાર્ય પૂ. સુરેશચંદ્ર ભટ્ટે ઉપસ્થિત રહી માતાજીની મહાપૂજા કરાવી સૌને આશિર્વાદ આપ્યા હતા. આ કોટીયાગનો શુભારંભ તા.૧૪ એપ્રીલના રોજ સવારે ૯ કલાકે પ્રારંભ થયો હતો. આ કોટીયાગ દરમિયાન ૧ કરોડ પાંચ લાખ આહુતિ આપવામાં આવી હતી. જગતજનની ચેહર માતાજીની અસીમ કૃપા અને પ્રીતી તેમજ વિશ્વકલ્યાણ અર્થે શ્રી મહાચંડી કોટીયાગ મહાયાગનું ભવ્ય આયોજન ભારત વર્ષના શ્રેષ્ઠતમ ચાર વેદોના વિદ્વાન વેદપાઠી વિદ્વાનો તથા સોલા ભાગવત પીઠ અમદાવાદના રૂષીકુમારો દ્વારા શ્રી ચેહર ધામ સેકટર - ૩ ખાતે કરવામાં આવ્યું છે. તેમજ કોટીયાગ સમિતિના ચેહરધામ મંદિરના કન્વીનર અંબુસિંહ ગોલે જણાવ્યું હતું કે આ પ્રસંગે પૂર્વ મહારાજ પૂ. પ્રેમદાસજી બાપુની તસ્વીર સમાધિ પર દર્શનાર્થે મુકવામાં આવી હતી. કોટીયાગ દર્શનનો લ્હાવો અત્યાર સુધી હજજારો ભકતોએ દર્શનનો લાભ લીધો છે.આ કોટીયાગમાં શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયકક્ષાના માર્ગ અને મકાન પાટનગર યોજના મંત્રી જયદ્રથસિંહ પરમાર, તેમજ આઈ. કે. જાડેજા, પુરૂષોતમ રૂપાલા, સંસદ સભ્ય કિરીટસિંહ સોલંકી, ગુડાના ચેરમેન આશિષ દવે અને ઉનાવા ગોગા મહારાજ મંદિરના ભુવાજી શકરાબાપા સહિત અનેક રાજકીય, સામાજીક આગેવાનો પણ ખાસ ઉપસ્થિત રહી કોટીયાગના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ મહાયજ્ઞના મુખ્ય આયોજક અંબુસિંહ ગોલે જણાવ્યું હતું કે પાટનગરની જનતાની સુખ સમૃધ્ધીની સાથે રાષ્ટ્ર અને વિશ્વ કલ્યાણના હેતુ સાથે મહાયજ્ઞના દર્શન વધુને વધુ માઈભકતો તેમજ ધર્મપ્રેમી જનતા કરે તેવી લાગણી છે.

એનઆઈડી ખાતે દુર્લભ ફોટોગ્રાફી પ્રદર્શન

ગાંધીનગર એકમ ખાતે “મહારાનીઝ ઓફ રૉયલ ઈન્ડિયા” વિષયે અને પાલડી ડિઝાઈન ગેલેરી ખાતે સુપ્રસિદ્ધ પાબ્લો બાર્થોલોપીના બેનમૂન ફોટોગ્રાફ્સનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૨૧

નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ડિઝાઈન દ્વારા ગાંધીનગર અને પાલડી ખાતેની ઈન્સ્ટીટ્યુટ પર વિવિધ ફોટોગ્રાફી પ્રદર્શનોનું આયોજન કરાયું છે. ગાંધીનગર ખાતેના એકમે ‘મહારાનીઝ ઓફ રૉયલ ઈન્ડિયા” વિષયે અને પાલડી ખાતે પાબ્લો બાર્થોલોમીના ફોટોગ્રાફ્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. બંને એકમનું પ્રદર્શન તા. ૨૪મી એપ્રિલ સુધી સાંજે ૪ થી ૮ વાગ્યા દરમ્યાન ચાલુ રહેશે.

ગાંધીનગર ખાતેના પ્રદર્શનમાં ભારતના વૈભવશાળી ઐતિહાસિક વારસામાં પ્રભાવશાળી રાજવી મહિલાઓના અત્યંત દુર્લભ ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. જ્યારે પાલડી ખાતેની ડિઝાઈન ગેલેરીમાં મશહૂર ફોટોગ્રાફર પાબ્લો બાર્થોલોમીના સિત્તેરના અને એંસીના દાયકાના ખૂબ પ્રસંશા પામેલા ફોટોગ્રાફ્સ પ્રદર્શિત કરાયા છે. બંને પ્રદર્શનો ગાંધીનગરના ફોટોગ્રાફીના શોખીનો માટે અમૂલ્ય તક સમાન સંભારણુ બની શકે તેમ છે.

બાંધકામ સાઈટ પરથી લોખંડની પાઈપો ચોરતી ગેંગ પકડાઈ

લોખંડ-ભંગારનો વેપાર કરતા ચાર શખ્સોની ચોરીના મુદ્દામાલ સાથે ધરપકડ : પુછપરછ ચાલુ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર આસપાસની બાંધકામ સાઈટો પરથી લોખંડની પાઈપોની તથા સળીયાઓની ચોરીમાં નોંધપાત્ર વધારો થયો છે ત્યારે અડાલજ પોલીસની ટીમે આવી જ ચોરી કરતી એક ગેંગ દબોચી લીધી છે. વૈષ્ણોદેવી મંદિર પાછળ બાંધકામ સાઈટ પરથી ત્રણેક દિવસ પહેલા ચોરી કરનાર ચાર શખ્સોને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડી સઘન પુછપરછ શરુ કરી છે.

વૈષ્ણોદેવી મંદિરની પાછળના વિસ્તારમાં આવેલી બાંધકામ સાઈટ પરથી ત્રણેક દિવસ અગાઉ લોખંડની પાઈપોની ચોરી થવા પામી હતી. રૂ. ૨૫૦૦ની કિંમતની લોખંડની પાઈપોની ચોરી અંગે અડાલજ પોલીસને જાણ થતા પીએસઆઈ પી.સી. સરવૈયા તથા તેમની ટીમના સર્વેલન્સ સ્કવોર્ડના સ્ટાફે તપાસ કરીને ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. ગોતાના વિનોદ નારાયણ કુંપાવત, હરદેવ ધના ગુજ્જર, મુકેશ રોશન કલાલ અને કાળી ગામના હિરા અંબા નેગી મળીને ચાર શખ્સોને ચોરીનાં મુદ્દામાલ સાથે પકડી પાડયા છે. અગાઉ કોઈ બાંધકામ સાઈટો પરથી પણ હાથ માર્યો છે કે કેમ? તે સહિતની પુછપરછ શરુ કરવામાં આવી છે. પકડાયેલા ચારેય શખ્સો લોખંડ-ભંગારના વેપાર સાથે સંકળાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

રવિવારે ‘ત્રિદલ’ની માસિક બેઠક મળશે

ગાંધીનગર, તા.૨૧

શિક્ષણ સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ‘ત્રિદલ’ સંસ્થાની એપ્રિલ માસની બેઠક ૭૯૦, નમન એપાર્ટમેન્ટ મહારાષ્ટ્ર ભવન સામે, સેકટર-૨૧ ગાંધીનગર ખાતે તા. ૨૪મી એપ્રિલ રવિવારે સાંજે પાંચ વાગે મળશે.

બેઠકમાં ‘ધુમકેતુ’નો વાર્તા વૈભવ અંતર્ગત ‘વિનિપાત’ વાર્તાનું વાંચન પ્રા.કવિ પુરૂરાજ જોષીની બે કવિતાઓનો આસ્વાદ તથા અભિવ્યકિતનું અજવાળુ સર્જકોની મૌલિક કાવ્ય રચના રજુ થશે. સર્જકો-ભાવિકોએ ઉપસ્થિત રહેવા શ્રી ભાનુપ્રસાદ પુરાણીએ આમંત્રણ પાઠવેલ છે.

રાજપુત સમાજ ગાંધીનગર દ્વારા આજે ગાયત્રી હવન

ગાંધીનગર, તા.૨૧

શ્રી રાજપુત સમાજ ગાંધીનગર તથા શિવશકિત મંદિરમાં સ્થાપના થયેલ શ્રી હનુમાનજી, ગણેશજી અને અંબે માતાજીની મૂર્તિની પ્રતિષ્ઠા નિમિત્તે આજે (તા. ૨૨ એપ્રિલ) સવારે નવ વાગે ગાયત્રી હવન રાખવામાં આવેલ છે. ગાયત્રી હવનના દર્શનનો લાભ લેવા સમાજના પ્રમુખશ્રી કરણસિંહજી વાઘેલાએ જણાવેલ છે.

મહત્તમ ચાર મત આપી શકાશે

ચાર કે તે પૈકી ગમે તેટલા મત આપી શકાશે, નાટોનું બટન દબાવ્યા પછી અન્ય કોઈને મત આપી શકાશે નહીં

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી રવિવારના રોજ ચુંટણ યોજાવાની છે ત્યારે મતદારો માટે મત આપવા અંગેની નિતી સ્પષ્ટ થઈ ચુકી છે. આ ચુંટણીમાં ચાર મત આપવા ફરજીયાત નથી જેથી મતદારો ચાર કે તે પૈકી ગમે તેટલા મત આપી શકશે. ઉમેદવારોએ વ્યકિતગત રીતે મતદારો પોતાને મત આપે તેવી સ્થિતિમાં પોતાનું પલ્લુ ભારે બને તેવા પ્રયાસો કરવા પડશે. મતના રાજકારણમાં ચાર મત ફરજીયાત નથી ત્યારે હોંશયાર અને અનુભવી ઉમેદવાર સમીકરણો માંડીને પોતાને સૌથી વધુ મત મળે તેવી ચાલ રમશે તેવું લાગી રહ્યું છે જો કે નાટોનું બટન પણ ઉપલબ્ધ હોઈ તે બટન દબાવવાથી કોઈ પણ ઉમેદવાર પસંદ નથી તે સ્પષ્ટ થશે. આમ મતદારો જ હુકમના એક્કા સાબિત થવાના સંજોગો સર્જાયા છે.

પાલિકાની ચુંટણીના પડઘમ પોતાની ચરમસીમા તરફ ધસમસી રહ્યા છે ત્યારે ચુંટણીમાં મહત્વની ભુમિકા ભજવનાર મતદારોની મુંઝવણનો પણ ઉકેલ આવી ગયો છે. આ ચુંટણીમાં મદદનીશ ચુંટણી અધિકારી તરીકે ફરજ બજાવતા અનુપસિંહે માહિતી આપતા જણાવ્યું હતું કે મતદારોને ચાર મત આપવા

ફરજીયાત નથી. વધુમાં વધુ ચાર મત આપી શકાશે અને ચાર પૈકી ગમે તેટલા મત પણ આપી શકાશે. તેઓએ નાટો અંગે પુછતા જણાવ્યું હતું કે મતદાર એક વખત નાટોનું બટન દબાવશે પછી કોઈ પણ ઉમેદવાર પસંદ નથી તેવું તારણ નીકળી જશે અને અન્ય કોઈ પણ ઉમેદવારને તે પછી મત આપી શકશે નહીં. તેમજ બે, ત્રણ કે એક ઉમેદવારને મત આપ્યા પછી પણ નાટોનું બટન દબાવવામાં આવશે તો પણ તમામ મત નાટોમાં જ તબદીલ થયેલા ગણાશે તેવું મતદારોએ સ્પષ્ટ સમજવા જણાવ્યું છે.

મતદારોની મત આપવાની સ્થિતિ સ્પષ્ટ થતાં ઉમેદવારો પણ સકિય બની જશે. પોતાને જ મત મળે તેવી સ્થિતિ મતદારો વચ્ચે ઉભી કરવા પેનલના સહારે કે પછી દબાણ લાવવાના પ્રયાસો હાથ ધરાશે. ચાલાક ઉમેદવારો પોતાનું પલ્લુ ભારે કરવા નબળા કે જીતી ન શકે તેવા ઉમેદવારોમાં મતો નંખાવી ખાડો પુરી જીત પાક્કી કરી નાખવાની સોગઠી રમશે. જો કે મતદારો પણ પક્ષની સાથે સાથે વ્યકિતગત સંબંધોને પણ પ્રાધાન્ય આપી શકે છે અને છેલ્લા પાંચ વર્ષના લેખાજોખાં પણ ચકાસી શકે છે છતાં મનપાની આ ચુંટણીમાં લોક વિકાસ મંચ, સહિત અન્ય વિકલ્પો મતદારોને મળી રહે તો તેમના ચાર મતો અથવા તેમને આપેલા મતો ઉમેદવારો અને પક્ષનું ભાવિ નક્કી કરશે તે નિર્વિવાદ બાબત બની છે.

વસંતકુંવરબા સંકુલમાં બાલભવન સમર કેમ્પ

ગાંધીનગર, તા.૨૧

કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય બાલભવન નવી દિલ્હી સાથે સંલગ્ન બાલભવન વસંતકુંવરબા સ્કુલ કેમ્પસમાં તા. ૨૬મી એપ્રિલથી તા. ૧૪મી મે દરમિયાન ૧૯ દિવસના સમર કેમ્પનું આયોજન કરેલ છે

જેમાં યોગાસન, વેસ્ટર્ન ડાન્સ, કોમ્પ્યુટર, ડ્રોઈંગ, કેલીગ્રાફી, સ્કેટીંગ, કરાટે (સેલ્ફ ડીફેન્સ), જુડો, સ્કાય માર્શલ આર્ટ, કીક બોસીંગ, મહેંદી જેવી પ્રવૃત્તિઓ શીખવવામાં આવશે. તાલીમ સમય ૧ કલાકનો રહેશે. તાલીમાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવશે. રસ ધરાવતા બાળકો, વાલીઓએ ફોન નં. ૨૩૨૧૦૪૭૭, ૯૯૦૯૦૧૧૨૯૭, સ્કુલ કેમ્પસ, સે-૨૮ ખાતે સંપર્ક કરવો.

દુઃખદ અવસાન

શહેરના સેકટર-૪માં રહેતા મનોહરભાઈ વાઘેલા તેમજ નટુભાઈ વાઘેલાના માતૃશ્રી મણીબેન મફતલાલ વાઘેલાનું આજે સવારે લાંબી માંદગી બાદ નિધન થયુ છે. સદગતનું બેસણું તા. ૨૩મી એપ્રિલ ૨૦૧૬ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન પ્લોટ નં. ૭૨/૧ સેકટર-૪ ખાતે રાખવામાં આવ્યું છે.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર દિનેશજી શિવાજી, ઉ.વ. ૪૫